R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 17 •ISSUE: 42 DATE: 19-10-2013 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( ) ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય : ૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭





## આંધ્ર-ઓરિસ્સા રાજ્યોમાં આવેલ વાવાઝોડા"ફૈલિને" ભારે તારાજી સર્જી

"ફૈલીન" નામનું શક્તિશાળી અને ભારે વિનાશકારી વાવાઝોડું તાજેતરમાં આંધ્ર અને ઓરિસ્સાના તટીય વિસ્તારોમાં ત્રાટક્યુ હતું અને તેણે ભારે વિનાશ કર્યો હતો.બેઉ રાજ્યોમાં આવેલ ૧૨ જિલ્લાઓ આ વાવાઝોડાની લપેટમાં આવી ગયા હતા.તોફાની પવનની સાથે ભારે વરસાદે ૨.૫ લાખથી વધુ લોકોને આપત્તિગ્રસ્ત બનાવ્યા હતા.૧૨ જિલ્લાઓ પૈકીની ૧૪,૫૧૪ ગામડાઓમાં આ વાવાઝોડાની વધુ અસર થઇ હતી.અને તેને કારણે ૨૩ જેટલા મોત નિપજ્યા હોવાનો આંકડો સરકારે હાલમાં બહાર પાડ્યો હતો.

ભારતની સ્વતંત્રતા બાદ કરવામાં આવેલ સૌથી મોટા સ્થળાંતર તરીકે આ ઘટના ઘટી હતી.વાવાઝોડાની અસરમાંથી બચવા માટે સરકારે સૌથી મોટું સ્થળાંતર કરાવ્યું હતું.ઓરિસ્સાની રેલ્વે લાઇનો ધોવાઇ ગઇ હતી. ૨.૩૪ લાખ જેટલા મકાનો નાશ પામ્યા હતા. અને ડાંગરનો ૨૪૦૦ કરોડ રુપીયાનો ઉભો પાકનો નાશ થયો હતો.સત્તાવાળાઓએ લીધેલ સમયસરના પગલાંને કારણે મોટી જાનહાનિ થતી રોકી શકાઇ હતી.હજુ પણ બચાવ કામગીરી ચાલી રહી છે.તેમજ વાવાઝોડાની અસર ઓછી થઇ છે.અનેક વિસ્તારો સંદેશા વ્યવહારથી વિખુટા પડી ગયા છે.નેશનલ હાઇવે પર પાણી ભરાઇ જતાં વાહનવ્યવહારને અસર પહોચી છે.ઓરિસ્સામાં ભારે વરસાદને કારણે આવેલ પુરને કારણે અનેક લોકોને અસર પહોચી છે.રાહત આપવા માટે સરકારી તંત્ર કામે લાગી ગયું છે.



## ઓરિસ્સામાંથી શરણાર્થીઓને શિબિરમાંથી સરકારે હાંકી કાઢ્યા

ઓરીસ્સાના જી. ઉદયગીરી ટાઉન ,જે કંધમાલ જીલ્લામાં આવેલ છે ત્યાં હજુ પણ ૧૦૦ જેટલા શરણાર્થીઓ જે ખ્રિસ્તીઓ વિરુધ્ધ ફાટી નિકળેલા તોફાનોમાં અસરગ્રસ્ત બન્યા હતા અને અહીંયા આશરો લઇ રહ્યા હતા તેમને સરકારે ત્યાંથી હાંકી કાઢ્યા હતા. કારણકે ઓરિસ્સાના આ જીલ્લાઓમાં યુરોપીયન યુનીયન ડેલીગેશન તપાસ માટે આવ્યુ હતું.૨૦૦૮માં ખ્રિસ્તીઓ વિરુધ્ધ ફાટી નિકળેલ હિંસામાં ૧૦૦ જેટલા ખ્રિસ્તીઓની કત્લ કરવામાં આવી હતી.અનેકો બેઘર બન્યા હતા.જેને સરકારે થાળે પાડવાના હતા તે પૈકી થાળે નહી પડેલા અને હજુ સુધી શરણાર્થી તરીકે આશરો મેળવી રહેલા આ ૨૧ કુટુંબો જે આજુબાજુના ડઝન જેટલા ગામડાઓના છે તે પૈકીના ૯૦થી વધારે લોકો અંહીયા આશરો લઇ રહ્યા હતા.તેઓ હજુ સુધી પોતાના ઘરોમાં પરત થઇ શક્યા નથી કારણકે હજુ સુધી તેમનો ત્યાં સલામતીનો અનુભવ થઇ શક્યો નથી.તેથી આ લોકો ન્યુ હતુપાડા જે જી.ઊદયગીરી ટાઉનમાં આવેલ અને જ્યાં સાપ્તાહિક બજાર ભરાય છે તેની રોડ સાઇડ પર પ્લાસ્ટીક ના શેડ બનાવીને આશરો લઇ રહ્યા છે.તેમણે વથી ન્યુઝ અને તેમના પાર્ટનર બોસન્યુઝલાઇનને જણાવ્યું હતું કે વર્ધીમાં આવેલ કેટલાક માણસોએ પાણીના પંપ અને કુવાઓ બંધ કરી દીધા હતા.જે અમોને પાણીની વ્યવસ્થા હતી.ત્યારબાદ આ જગ્યા ખાલી કરી દેવાનો હુકમ કર્યા હતો.પોલીસે હુકમ કર્યો હતો કે તેઓ પરદેશથી આવેલ યુરોપીયન ડેલીગેશન સામે દેખાવા ના જોઇએ.ખ્રિસ્તી મહિલાઓએ આ જગ્યા ખાલી કરવાનો વિરોધ કર્યો હતો.મોબાઇલ સીસ્ટમને સરકારી તંત્રે ખોરવી નાંખી હતી.સ્થાનિક સત્તાવાળાઓ તથા સીક્યુરીટી ફોર્સને ઓર્ડરનું પાલન કરવા અને શરણાર્થીઓને ખસેડી દેવા હુકમ કર્યો હતો.

ઓલ ઇન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,ના સેક્રટરી જનરલ જોન દયાલ શરણાર્થીઓને ખદેડી દેવાનો વિરોધ કર્યો હતો.દયાલ ઇન્ડીયા નેશનલ ઇન્ટીગ્રેશન કાઉન્સીલના સભ્ય પણ છે.તેઓને શરણાર્થીઓને ખદેડી મુકવા માટે સરકારે લીધેલા પગલાં બદલ ઉંડો ખેદ વ્યક્ત કર્યો હતો.યુરોપીયન ડેલીગેશન ૧૨ સભ્યોનું બનેલું જેમાં હંગેરીના,પોલેન્ડ,આર્યલેન્ડ,ઇટાલી, નેધરલેન્ડ,બ્રીટન,ફીનલેન્ડ અને સ્વીડના ડીપ્લોમેટ પણ સામેલ છે.આ ફેક્ટ ફાઇન્ડીંગ ટીમ જ્યારે મુલાકાત લેવાની છે ત્યારે તેમને સાચું ચિત્ર મળી ના શકે માટે સરકારે પ્રયત્નો કર્યા છે.દયાલે કહ્યું હતું કે માનવતા વિહોણુ કૃત્ય છે.તેમને સત્તાવાળાઓ તરફથી આટલા બધા સમય બાદ પણ તેમને પુનઃ વસન ની કોઇ વ્યવસ્થા કરી નથી.આ ૯૧ વ્યક્તિઓનું જુથ છે. હજુ પણ દસ હજાર શરણાર્થીઓ તેમની નવી જીંદગી શરુ કરવા માટે સ્ટ્રગલ કરી રહ્યા છે.હજુ પણ કંધમાલમાં સામાન્ય સ્થિતિ સર્જાઇ શકી નથી.હજુ પણ ધણા બધા ખ્રિસ્તીઓ ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે.




ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ભારતના વડાપ્રધાન નજીકના દિવસોમાં ચીનની મુલાકાતે જવાના છે.ચીન સાથેના આપણા સબંધો ઉપરછલ્લા સારા છે.તેનું કારણ વિશ્વ વ્યાપારમાં ચીને કબજો જમાવવાનો તેમનો મનસુબો કાયમ કર્યો છે.ચીન દરેક ક્ષેત્રે ઘુસણખોરી કરી રહ્યું છે.પરંતુ સરહદી ક્ષેત્રે તેમણે અનેક વાર વ્યવહાર તોડ્યો છે.ભારત અને ચીનની સરહદો એકબીજાથી જોડાયેલી અને ખુબજ વિશાળ છે.ચીનને જે જગ્યા સારી લાગે ત્યાં તેઓ ઘુસણખોરી કરે છે.તાજેતરમાં બનેલી એવી અનેક ઘટનાઓ છે જેની આપણે ગંભીર નોંધ લઇને ચીનની સરકાર સમક્ષ આપણો બળાપો જાહેર કર્યો છે.પરંતુ તે બાબતે ચીનને ગંભીર ચેતવણી આપણે આપી શક્યા નથી. એ આપણી સરકારની કમજોરી છે.ચીને પાકિસ્તાનમાં એક અધ્યતન એવું બંદર બનાવ્યુ છે અને બંદરથી બેજીંઇગને જોડતો વિશાળ ધોરી માર્ગ પણ કંડાર્યો છે.જેના અનેક ઉપયોગો થઈ શકે છે.અમેરિકાને પકડમાં રાખવા માટે આ બંદર ચીનને ઉપયોગી છે.ચીન આ બંદરનો ઉપયોગ કરીને તેનો નૌકા કાફલો અહીયા તહેનાત કરવા માંગે છે. જેથી મધ્ય એશીયામાં અમેરિકીનો પોતાનો પગદંડો જમાવી ના શકે.

ચીન લશ્કર જે રીતે ભારતની સરહદોમાં ધુસણખોરી કરી રહ્યું છે. તેજ પ્રમાણે પાકિસ્તાન તેમના નકશે કદમ પર ચાલી રહ્યું છે.ચીનની દાનત જમીન પચાવી પાડવાની છે.જ્યારે પાકિસ્તાનની દાનત દેશમાં અરાજકતા ફેલાવવાની છે. ભારતનો વિકાસ અને શાંતિ બરકરાર રહે તેવી સ્થિતિ તેમને પસંદ નથી.તેથી તેઓ આતંકીઓ તૈયાર કરીને ભારતમાં ધકેલતા રહે છે. કાશ્મીરમાં લોકોને ચઢવણી કરીને ભારત વિરુધ્ધ ઝેર ઓકતા રહે છે.પાકિસ્તાની દાનતથી આપણે વાકેફ છીએ તેથી ઘુસણખોરીની મોટાભાગની હરકતોનો આપણે જવાબ આપીએ છીએ. પરંતુ અહીંયા તેમની સાથે મળેલા તત્વો તેમને સહકાર પુરો પાડી તેમની કામગીરીમાં સામેલ બને છે.હવે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપવાનો સમય આવી ગયો છે.

અનુ. પાન નં. ૪ નું ચાલુ

દ્વારા તેમની સજા સામેની અપીલ નકારવામાં આવ્યા બાદ,તેમને ખુબજ નોટોરીયસ ગણાતી ઈવીન જેલમાં ખસેડવામાં આવ્યા હતા.

ક્રિશ્ચિયન રોક બેન્ડ,સેવન્થ ટાઈમ ડાઉને તાજેતરમાં એક મ્યુઝીક વિડીયો રીલીઝ કર્યો હતો.જેનું નામ છે જસ્ટ સે યશ.આ વીડીયોમાં પાસ્ટર સઈદની સ્ટોરીનો સમાવેશ કરવામાં આવ્યો છે.તેમજ તેમને તાજેતરમાં થયેલ કારવાસની સજા,તેમજ આ બાબત અગેના સમાચારો આ વિડીયોમાં ગીતોના સ્વરુપે બતાવાયા છે.મીકી હોવર્ડ, જે મુખ્ય ગાયક આ સેવન્થ ટાઈમ ડાઉનના છે તેમણે જણાવ્યું હતું કે હું પ્રાર્થના કરું છું કે આ વીડીયો દ્વારા સઈદની કારવાસમાંથી મુક્તિ શક્ય બને અને ઈરાનીય સરકારના હ્રદયમાં લાગણી ઉભી થાય,અને સઈદના કુંટુંબને તેમની મુક્તિથી રાહત મળે.આ બાબતે અમો શાંત રહીશું નહી પરંતુ સઈદની મુક્તિ માટે અમારી રીતે ઝઝુમતા રહીશું.

સેવન્થ ટાઈમ ડાઉન તરફથી તેમના ચાહકોને આ વિડીયો ખાસ જોવા ભલામણ કરવામાં આવી છે.તેમજ સઈદ અબેદાનીની મુક્તિ માટે પ્રાર્થના કરવા જણાવાયું છે.સેવન્થ ટાઈમ ડાઉન ના ૨૬ પ્રેયર વીજીલ વિશ્વમાં સપ્ટે.થી સતત સઈદની મુક્તિ માટે જાગૃતતા લાવવા પ્રયત્ન કરી રહ્યા છે.આમાં યુકે અને યુએસએનો સમાવેશ પણ થાય છે.

# તેલંગાણા બાદ અલગ રાજ્યોની માંગ બુલંદ બનશે

આઝાદી પછી દેશના રજાવાડાઓને અખંડ ભારત સાથે જોડવામાં સરદાર પટેલ જેવા લોખંડી પુરુષને નાકે દમ આવી ગયો હતો.કેટલા બધા લોકોએ લોહી અને પાણી એક કર્યા ત્યારં અખંડ ભારતનું નિર્માણ થયુ ં હતું. જો કે હવે પાછા નાના નાના રાજ્યોમાં વિભાજીત કરવાના ઉધામાં વધી રહ્યા છે.કેન્દ્ર સરકારે અલગ તેલંગાણાને મંજુરી શુ આપી કે તરતજ અમને પણ જુદુ રાજ્ય જોઈએ છે તેવી માંગણી કરનારાઓની રીતસર લાઇન લાગી ગઇ.

તેલંગાણા દેશનું ૨૯મું રાજ્ય બનશે. છેલ્લે વર્ષ ૨૦૦૦માં ત્રણ નવા રાજ્યોનું નિર્માણ થયું હતું. ઉત્તર પ્રદેશમાંથી છુટા પડી ઉત્તરાખંડ રાજ્યની રચના થઈ.મધ્યપ્રદેશમાંથી છુટુ પડીને છત્તીસગઢ બન્યું અને બિહારમાંથી અલગ પડી ઝારખંડ અસ્તિત્વમાં આવ્યું.આપણું ગુજરાત પણ બૃહદ મુંબઈ રાજ્યમાંથી છુટુ પડ્યું પછી અલગ રાજ્ય બનેલું. સાચા કારણો હોય તો ભાષા અને સંસ્કૃતિમાં ભિન્નતા હોય તો અલગ રાજ્યની માંગણી વ્યાજબી ઠેરવી શકાય, પણ અત્યારેજ ટ્રેન્ડ ચાયો છે એમાં અંગત સ્વાર્થ અને પ્રાદેશિકવાદ વધુ જોવા મળે છે.

તોલંગાણા અલગ થયું કે માયાવતીએ કહ્યુ કે ઉત્તરપ્રદેશને ચાર રાજ્યોમાં વિભાજીત કરી નાંખો.માયાવતી ઉત્તારપ્રદેશના મુખ્યમંત્રી હતા ત્યારેજ તેણે યુપીના ટુકડા કરીને ચાર હિસ્સામાં વહેચી નાખવાની વાત છેડી હતી.માયાવતીએ નવા રાજ્યોમાં ક્યો ક્યો વિસ્તાર આવી શકે તે પણ બતાવ્યું હતું.પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ અને અન્ય પહાડી વિસ્તારોને અલગ ગોરખાલેન્ડ તરીકે વરસોથી માંગણી છે.૧૯૮૮માં રાજીવ ગાંધીની સરકારે એ વિસ્તારના લોકોના હિતોના રક્ષણ માટે દાર્જીલીંગ ગોરખા હિલ કાઉન્સીલની રચના કરવામાં આવી હતી. જે કે એ લોકોને કોઈ વાતથી સંતોષ નથી.તેમને તો અલગ રાજય જોઈએ છે.ઉત્તારપ્રદેશના પુર્વના જિલ્લાઓમાંથી પુર્વાચંલ અને યુપી અને એમપીમાંથી બુંદેલખંડ બનાવવાની માંગ છે. બિહારમાંથી મિથિલાચલને જુદુ પાડવાની માંગણી ઊભી છે.બિહાર અને ઉત્તરપ્રદેશના અમુક વિસ્તારોને જુદા પાડી ભોજપુર રાજ્ય બનાવવાનો પણ વિવાદ થયો હતો. રાજસ્થાનમાં મરુ પ્રદેશ જુદુ પાડવાની વાત ઉઠી છે.પશ્ચિમ બંગાળ અને આસામમાંથી ગ્રેટ કુચ બિહાર રાજ્ય બનાવવાની માંગણી ઓ થતી રહે છે.ઝારખંડને રાજ્યો દરજ્જો માંડ માંડ મળ્યો છે. ત્યાં ઝારખંડના મૈથિલી ભાષી વિસ્તારો અલગ મિથિલાચલની માંગણી કરે છે. કર્ણાટકમાંથી કુર્ગ પ્રદેશ માટેની પણ માંગણી છે.

આપણા ગુજરાતમાંથી જ અલગ સૌરાષ્ટ્ર રાજ્યનો ગણગણાટ ફરીથી શરુ થયો છ્ે.અગાઉ આદીવાસી વિસ્તારોમાં ભીલીસ્તાન માટે પણ માંગણી ઉઠી હતી.બૃહદ મુંબઈથી છુટા પડીને ગુજરાત બન્યું.હવે અલગ સૌરાષ્ટ્રની વાત આવી,કાલે ઉઠીને કચ્છાની માંગણી ઉઠશે.પછી ગોહિલવાડ કે ઝાલાવાડના લોકો પણ અલગ માંગણી કરી શકે છે.સવાલ એ છે કે તમારે રાજ્યના કેટલા ટુકડા કરવા છે ?નવા રાજ્યોની અનેક અસરો હોય છે અને ઢગલાબંધ પડકારો હોય છે.મહારાષ્ટ્રમાંથી અલગ વિદર્ભ રાજ્ય બનાવવાની માંગણી વર્ષોથી ચાલી આવે છ્ે.તો કોંકણ વિસ્તારના લોકો પણ અલગરાજ્યની માંગણી કરી રહ્યા છે.

તેલંગાણાને મંજુરી મળી એટલી સુસુપ્ત થયેલા ઘણા જીવો સળવળીને પાછા બેઠા થઈ ગયા છ્ે.મોટાભાગના લોકોની વાતમાં કોઈ ખાસ દમ નથી.હા. અમુક માંગણી માટે સરકારે વ્યવસ્થિત અભ્યાસ કરાવવાની જરુર છે.અને પછી હા કે ના સ્પષ્ટ રીતે જવાબ આપવાની જરુર છે.સાવચેતી એક જ વાતની રાખવાની છે કેઆવી માંગણીઓના કારણે પ્રદેશવાદ ન વકરે અને અમુક વિસ્તારના લોકોને એવું ન લાગે કે અમારી અવગણના થઈ રહી છે.રાજ્યના નેતાઓ સમગ્ર રાજયના વિકાસ માટે એકસરખું ધ્યાન આપે અને ચોક્કસ વિસ્તાર પ્રત્યે પુર્વગ્રહ કે દુરાગ્રહ ન રાખે તે જરુરી છે.જો સર્વાંગી વિકાસ થશે તો જ લોકોને એવી લાગણી થશે કે જે છે તે સારુ છે

કૃષ્ણકાંત ઉનડકર(સૌ.સંદેશ)

જો કે કેન્દ્ર સરકારે તેલગાંણાને અલગ રાજય આપવાની વાત સ્વીકારને તે અંગેનું જાહેરનામુ બહાર પાડ્યુ. જેમને તેલગાંણાની માગણીને પુર બહારમાં ટેકો જાહેર કર્યો હતો અને જેમના દુરાગ્રહથી સરકારને આ કદમ ભરવું પડ્યુ છે તે હવે સરકારના પગલાં વિરુધ્ધ ઉપવાસ પર બેસી ગયા છે.મતોનું રાજકારણ અંહીયા રમાઈ રહ્યું છે.કોગ્રેસને તેલગાંણા મુદ્દે ભેખડે ભરાવવા માટે વિપક્ષો પ્રયત્ન કરી રહ્યા છે જે અલગ તેલંગાણાને સપોર્ટ કરતા હતા.વાય.એસ.આર રેડ્ડીના પુત્ર જગનને માત્ર મુખ્યમંત્રીની ખુરશી ખપે છે. તેથી જે આપવા તેમને મદદ કરવા તૈયાર હોય તેના ખોળે તેઓ બેસવા તૈયાર છે તેવું આજની પરિસ્થિતિમાં ભાસે છે. ચંદ્રબાબુ નાયડુ ત્યાંના રાજકારણમાં ફરીથી વર્ચસ્વ જમાવવા માંગે છે.

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧, ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

| અમદાવાદ ખાતે લવાજમો સ્વીકારશે. | નડીયાદ ખાતે લવાજમો સ્વીકારશે. |
| --- | --- |
| શ્રી લોઈડભાઈ ક્રિશ્ચિયન, **જીવન સાહિત્ય ભંડાર,** શારોન એવન્યુ, જુની ક્રિશ્ચિયન સોસા.ચર્ચ સામે, મણીનગર, (પુર્વ), અમદાવાદ.૮ **ઓલ ઈન્ડીયા ક્રિશ્ચિયન કાઉન્સીલ,** શારોન એપાર્ટ,ક્રિશ્ચિયન કોલોની, બહેરામપુરા,અમદાવાદ.૨૨ | શ્રી ભાઈલાલભાઈ ટેલર, પાર્ક સ્ટ્રીટ,મેથોડિસ્ટ નર્સીંગ હોસ્ટેલ સામે,મિશન રોડ, નડીયાદ.૨ શ્રી વિલિયમભાઈ ટી.પરમાર, નવદીપનગર, પવનચક્કી રોડ, નડીયાદ.૨ શ્રી.એસ.કે અમીન, આર્શીવાદનગર, રામતલાવડી, નડીયાદ.૨ |

**જાહેર ખબર તથા લવાજમના એજન્ટ**

શ્રી આર.એન.રાજગુરુ
નગર ગેઈટ,જામ-ખંભાળીયા
જી.જામનગર
ફોન નં.૯૯૦૯૮૪૭૭૮૭,
૯૯૦૯૩૪૭૭૮૭

શ્રી ભુપેન પરમાર,
આંબેડકરનગર,ઈશ્વરકૃપાનિવાસ સામે,નાના મહુવા,
કાલાવડ રોડ,રાજકોટ-૫
ફોનઃ ૯૯૨૫૦૬૭૮૫૩

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની એપાર્ટ,દલાલસ્ટ્રીટ,
ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨

**વડોદરા ખાતે લવાજમ માટે સંપર્ક કરો**

શ્રી પિયુષભાઈ એ. પટેલ,
૧૦૬,સજની એપાર્ટ,દલાલસ્ટ્રીટ, ફતેહગંજ,વડોદરા-૩૯૦ ૦૦૨
મો.૯૯૯૮૯૯૮૮૪૨



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**જાહેર ખબરના ભાવ**

| | | | |
| --- | --- | --- | --- |
| આખુ પાન | રૂ.૫૦૦૦ | અર્ધુ પાન | રૂ.૨૫૦૦ |
| ૧/૪ પાન | રૂ.૧૨૫૦ | ૧/૮ પાન | રૂ. ૬૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૫૦૦૦ | માસિક પેનલ | રૂ.૧૮૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૩૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

**આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી**

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# નેશનલ કેથેડ્રલ ગ્રાઉન્ડ લગ્ન સમારંભો માટે મળી શકશે



વોશિગ્ટન નેશનલ કેથેડ્રલ આ તસવીરમાં દેખાય છે તેને ઓગષ્ટ ૨૩,૨૦૧૧ ના રોજ આવેલ ધરતીકંપમાં નુકશાન પહોચ્યું હતું.કેથેડ્રલના મિનારાઓને નુકશાન થયેલ દેખાય છે.

યુ.એસ.સરકારે કરેલ શટડાઉનને કારણે વોશિગ્ટન ખાતે આવેલ ઈપીસકોપલ ડાયોસીસ ઓફ વોશીગ્ટને જાહેર કર્યું હતું કે જે કપલોએ લગ્ન કરવાનું નક્કી કર્યું હતું પરંતુ સરકારે જાહેર કરેલ શટ ડાઉનની નીતિને કારણે તેઓ મુશ્કેલી અનુભવી રહ્યા હોય તેમને માટે નેશનલ કેથેડ્રલનું ગ્રાઉન્ડ લગ્ન સમારંભ માટે ઉપલબ્ધ રહેશે.જે ખરેખર લગ્નો માટેની એક નવી જગ્યા હશે.શટડાઉનને કારણે જેઓ પોતાના લગ્નો અટકાવી દેવાનો વિચાર કર્યો હોય તેમને આ નવી વ્યવસ્થાનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

શટડાઉનની પ્રક્રિયાએ જેમણે લગ્ન સમારંભો યોજવાના હતા તેમના માટે ગણત્રીઓ ઉંધી પાડી છે.જેથી આ બિશપ ગાર્ડન તેમને ફ્રી ઓફ ચાર્જ આપવામાં આવશે. જીમ નોટોન ઓફ કેન્ટીકલ કોમ્યુનીકેશન જે વોશીગ્ટન ડાયોસીસનું પ્રવક્તા છે તેણે જણાવ્યું હતું કે હજુ સુધી આ બાબતે કોઈ ઓફર આવી નથી.

## જાણવા જેવું !

જાપાનમાં ક્યોનામ્બા નામનો માણસ આપણે પગે ચાલીએ છીએ તેટલીજ ઝડપી તે માથું જમીન પર મુકીને માથાથી ચાલી શકે છે.આ માણસ માથાથી દાદર પણ ચડી ઉતરી શકે છે.

ફ્રાંસમા ટુંકામાં ટુંકા નામના બે ગામો છે. એકનું નામ ઓ અને બીજાનું નામ વાય છે.

મધ્ય અમેરીકા અને વેસ્ટ ઈન્ડીઝમાં બાલસા નામના ઝાડનું લાકડું બુચ કરતાંય વજનમાં હલકું હોય છે.

બ્રિટનની વિમાની કલબમાં ક્રેઈગ બાવર્સ નામનો,પાંચ વર્ષની ઉંમરનો પાયલટ હતો.

ગ્લાસગોના ગાર્ડન સ્ટીવર્ટના બંને પગ અકસ્માતમાં કપાઈ ગયા હતા.છતાં ગીચ રસ્તાઓમાં તે સાઈકલ ચલાવતો હતો.

ડચ કવિ જીન ડી સાનિયલે ઝાડના થડમાં કવિતા કોતરીને લખી હતી.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

જાહેરાત માટે સંપર્ક કરો
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

# કર્ણાટકમાં ખ્રિસ્તીઓ વિરુધ્ધ હિંસા વધતી ચાલી છે

કર્ણાટક રાજયમાં છેલ્લા કેટલાક સમયથી ખ્રિસ્તીઓ વિરુધ્ધ હિંસાની ઘટનાઓ વધી રહી છે. હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા આ હિંસા આચરવામાં આવી રહી છે.તાજેતરમાં એક સ્કુલના મહિલા કર્મચારીને આ હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા સખ્ત માર મારવામાં આવ્યો હતો અને તેણીને શેરીઓમાં માર્ચ કરવા માટે ફરજ પડાઈ હતી.મોર્નીંગ સ્ટાર ન્યુઝના સમાચારો મુજબ,હિંદુ કટ્ટરવાદીઓ દ્વારા ૫૦ વર્ષીય ખ્રિસ્તી મહિલા કે જેનું નામ સન્નમ્મા છે તેની ઉપર અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો.ચામરાજનગર ડીસ્ટીકમાં ૧૩ સપ્ટના રોજ આ ઘટના ઘટી હતી.

કોલીપાલયાની વતની સન્નમ્મા જે નિરાયનપલયા વિલેજ ખાતે સ્કુલના બાળકોને સ્કુલમાં લઈ જઈ રહ્યા હતા ત્યારે ૪૦ જેટલા હિંદુ કટ્ટરવાદીઓનું ટોળુ આવ્યું હતું.અને આ મહિલાને રોકી હતી.અને તેની પાસે હિંદુ તહેવારો માટે નાણાંની માંગણી કરી હતી.તેણી આ નાણાં આપવાની વાત સ્વીકારને પછીથી આ આપવાની વાત કરી હતી.કારણે કે તેણી પાસે તે વખતે નાણાં હતા નહીં.આ બાબત એરીયા પાસ્ટર વિન્સંટ દાસે મોર્નીંગ સ્ટાર ન્યુઝને જણાવી હતી.

ત્યાર બાદ આ હિંદુ કટ્ટરવાદીઓએ આ મહિલાને મારવાનું શરુ કર્યું હતું.અને તેણી ઉપર એવો આક્ષેપ કર્યો હતો કે તેણી બળજબરીથી લોકોનું ધર્મ પરિવર્તન કરાવે છે.ટોળામાંથી કેટલાકે આ મહિલાને મુક્કા માર્યા હતા,લાતો મારી હતી.અને મારતાં મારતાં તેણીને હિંદુ મદિરમાં લઈ ગયા હતા.ત્યારબાદ તેણી ઉપરપવિત્ર પાણી છાંટીને તેને ફરીથી હિંદુ બનાવવાની કોશીશ કરી હતી.હિદુ ધર્મની વિધિ પ્રમાણે આ કાર્ય કર્યું હતું.અને ત્યારબાદ તેણીના કપાળમાં લાલ ચાંદલો કરવામાં આવ્યો હતો. જે એવું સુચવે છે કે તેણીને ખ્રિસ્તીમાંથી હિંદુ ધર્મમાં પાછી લાવવામાં આવી છે.આ મહિલા ગ્લોરીયસ ચર્ચની સભ્ય છે તેની પાસે એક કાગળ પર જબરજસ્તીથી લખીને સહી કરાવી હતી કે તેણી અને તેણીના પતિ હવે પછી થી ખ્રિસ્તી ધર્મનું પાલન કરશે નહી.ત્યારબાદ તોણીનો મંદિર પરિસરમાંથી બહાર કાઢીને ગામની શેરીઓમાં ફેરવવામાં આવી હતી.આ વખતે પણ તેણીને મુઢ માર મારવામાં આવ્યો હતો.આ સતાવણી છ કલાક સુધી ચાલી હતી.તેણીની નણંદે તેને આ લોકોના હાથમાંથી છોડાવી ત્યા સુધી તેણીને સતાવણી ભોગવવી પડી હતી.તેવું મોર્નીંગ સ્ટાર ન્યુજે પાસ્ટર દાસના રીપોર્ટ પરથી જણાવ્યું હતું.

આ મહિલાના સગાઓ તેણીને તાત્કાલિક હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયા હતા. કારણકે તેણીને મુઢમાર મારવામાં આવ્યો હતો.તેમજ તેણીને ઘણી શારીરીક ઈજાઓ પહોચી હતી.તેણીએ તેના ગળામાં,છાતીમાં અને પીઠમાં ખુબજ દુખાવાની ફરિયાદ કરી હતી.ડોકટરે તેણીને અમુક સમય સુધી સંપુર્ણ આરામની સલાહ આપી હતી.મોર્નીંગ સ્ટાર ન્યુઝને સન્નમ્માએ જણાવ્યું હતું કે મે મારા પ્રભુને ખાતર આ સતાવણી ભોગવી છે. તેણી આઠ વર્ષ પહેલાં ખ્રિસ્તી બની હતી તેવું મોર્નીંગ સ્ટાર ન્યુઝે જણાવ્યું હતું.પોલીસે એફઆઈઆર નોંધી હતી.જેમાં ચાર વ્યક્તિઓ સામે કેસ કરવામાં આવ્યો હતો. એટોની મોઝીસ મુરાગવેલ,કર્ણાટક લીગલ એઈટ સેલે જણાવ્યું હતું કે આ બાબતે ઘટતાં પગલાં લેવા જણાવાશે.

# ચર્ચ નેતાઓએ પાકિસ્તાન સરકારને ટેરરીઝમથી લોકોને બચાવવા અપીલ કરી

પેશાવર ખાતે આવેલ ચર્ચમાં આત્મઘાતી બોંબ હુમલો કારણે ખ્રિસ્તી ઓની થયેલ હત્યા બાબતે પાકિસ્તાન સરકારને જાગૃત કરવા અને લઘુમતિઓને આતંકવાદીઓના હુમલા સામે રક્ષણ આપવા એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.અત્યાર સુધીમાં ખ્રિસ્તીઓ પર કરવામાં આવેલ આતંકી હુમલાઓ પૈકીનો આ એક મોટો હુમલો હતો.

વર્લ્ડ કાઉન્સીલ ઓફ ચર્ચીસના વડાએ પાકિસ્તાનના પ્રાઈમ મીનીસ્ટરને આ અંગે એક પત્ર લખીને વિનંતી કરી હતી કે હવે પછી આવા કોઈ હુમલા થાય નહી અનો ખ્રિસ્તીઓને સલામતી અને રક્ષણ મળે માટે પાકિસ્તાન સરકારે પુરતાં પગલાં ભરવા જોઈએ.



ડબલ્યુસીસીના જનરલ સેક્રટરી ડો.ઓલાવ ટ્વીટએ તાજેતરમાં થયેલ તમામ બોંબ હુમલા બાબતે સ્પષ્ટતા કરી હતી.ઓલ સેંટ ચર્ચ, પેશાવર ખાતે થયેલ હુમલામાં ૪૨ ખ્રિસ્તીઓના મોત નિપજયા હતા.તેમણે આ આતંકી હુમલાને વખોડી કાઢ્યો હતો.પાકિસ્તાન લઘુમતિઓની સતાવણીમાં વોચ ડોગના લિસ્ટમાં અગ્રેસર દેશોમાંના એક દેશ છે.લઘુમતિઓને ધર્મનિંદા જેવા કેટલાક આક્ષેપો ઉપજાવીને આ કાયદાની ચુંગાલમાં ફસાવવાની રીત વિશ્વભરમાં જાણીતી બની છે. તેમજ આ કાયદા હેઠળ કેટલાંક કટ્ટરવાદીઓ લઘુમતીઓને નિશાન બનાવતાં રહ્યાં છે. સરકાર માત્ર નામની લોકશાહી સરકાર કહેવાય તેમ છે. દેશમાં સર્વત્ર કટ્ટરવાદીઓ અને આતંકીઓનું રાજ ચાલી રહ્યું છે.

આણંદ ખાતે લવાજમ સ્વીકારશે

૧.શ્રી કિરીટભાઈ પોલ ક્રિશ્ચીયન,
શાંતિનગર સોસા.પરીખ ભુવન પાછળ,આણંદ.૧
મો.૯૯૨૪૪૭૨૮૯૫
૨.શ્રી ગીદીયોલ પોલ,
મેરેજ રજીસ્ટાર,
કનાન સોસા. ભાલેજ રોડ,આણંદ
૦૨૬૯૨-૨૫૦૯૬૯
મો.૯૯૨૪૨૦૫૫૦૫,
૯૭૨૩૩૩૨૩૯૬
રિશ્તા,
નાનાબજાર,વિદ્યાનગર,જી.આણંદ
આપના લવાજમો તેમને આપી આભારી કરશો.

ગ્લોરી કેટરીગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્ક: જહોન એમ. મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

# યુએન સીક્યુરીટી કાઉન્સીલ દ્વારા સીરીયામાં માનવ અધિકાર માટે લેવાયેલ નિર્ણયને એનજીઓએ આવકાર્યો



આંતરરાષ્ટ્રીય સ્તરે માનવ અધિકારો માટે કાર્ય કરતી ૧૬ જેટલી એનજીઓએ સીરીયા માટે યુએન સીક્યુરીટી કાઉન્સીલ દ્વારા લેવાયેલ નિર્ણયને આવકાર્યો હતો.

આ એનજીઓમાં ક્રિશ્ચિયન એઇડ,કેફોડ,વર્લ્ડ વિઝન,અને ટીયરફંડનો સમાવેશ થાય છે.તેઓની માંગણી હતી કે માનવતાના ધોરણે સીરીયાના નાગરિકોના સીવીલ અધિકારોનું તાત્કાલિક રક્ષણ કરવામા આવે.હજારો સીરીયન્સ જેમાં અડધા જેટલા બાળકોનો સમાવેશ થાય છે તેઓ અત્યંત ખરાવ અવસ્થામાં હાલમાં જીવી રહ્યા છે. જે શરણાર્થી કેમ્પોમાં તેઓ આશરો લઇ રહ્યા છે. ત્યાં તેમને પુરતો ખોરાક પણ મળતો નથી.નથી આરોગ્ય અંગે તેમની જાળવણી થતી, તેમજ હિંસામાં તેમનું રક્ષણ પણ થતું નથી. યુ.એન. સીક્યુરીટી કાઉન્સીલના સ્ટેટમેન્ટ પ્રમાણે ૨૦૧૧ થી અત્યાર સુધીમાં ૧લાખથી વધુ લોકોની હિંસા થઇ છે. અને ૬.૫ મીલીયન લોકો ઘરબાર વગરના થઇ ગયા છે.તેથી તમામ પક્ષોને આ અપીલ કરવામાં આવી છે કે હિંસાને રોકવામાં આવે અને સીરીયન નાગરિકો થતું વધુ નુકશાન અટકાવવામાં આવે.

કાઉન્સીલના તમામ સભ્યોએ માનવતાના ધોરણે આ અપીલનો સ્વીકાર કરવા જણાવ્યું હતું જેથી સીરીયાની અંદર રહેલ સામાન્ય નાગરિક સલામતી અનુભવી શકે.બાજુના પડોશી દેશોમાં ચાલ્યા ગયેલા સીરીયન નાગરિકો જેઓ ત્યાં શરણાર્થી બનીને ગયા છે તેઓને માનપુર્વક પાછા લાવવામાં આવે અને તેમને પુરતી મદદ કરવામાં આવે. કાઉન્સીલે વધુમાં સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે સીરીયન ઓથોરીટીની પ્રાથમિક જવાબદારી બને છે કે તેઓ તેમના નાગરિકોને સલામતી આપે અને તેમનું રક્ષણ કરે.માનવતા છેવાડો નાગરિક અનુભવી શકે,તેમજ એનજીઓના તેમજ યુએનના કાર્યકર્તાઓને વિઝા આપવામાં આવે જેથી તેઓ બોર્ડર ક્રોસ કરીને તેમના કોન્વોય સાથે ત્યાં જઇ શકે.આ ૧૬ એનજીઓએ યુએન સીક્યુરીટી કાઉન્સીલનું સ્ટેટમેન્ટને આવકારતા જણાવ્યું હતું તે પરિપુર્ણ થાય તે પણ સાથે સાથ જોવાનું છે.તેમણે જણાવ્યું હતું કે અમો આ બાબતે સંકળાયેલ તમામ પાર્ટીને બોલાવીને આ લડાઇનો માર્ગ શોધવા માટે વિનંતી કરીશું.આ બાબતે કોઇ કોંક્રીટ પરિણામ આવવું જોઇએ કારણકે હવે સીરીયન નાગરિકોને વધુ નુકશાન પરવડી શકે તેમ નથી.



# સેવન્થ ટાઇમ ડાઉને પાસ્ટર સઇદ અબેદાની માટે મ્યુઝીક વિડીયો બનાવ્યો

સેવન્થ ટાઇમ ડાઉન દ્વારા નવો મ્યુઝીકલ વિડિયો બનાવવામાં આવ્યો છે. જેમાં ઇરાનીય પાસ્ટર સઇદ અબેદાનીને જેલમુક્ત થાય માટે પ્રાર્થના કરવાનો લાગણીસભર સંદેશો પણ સમાયેલ છે.પાસ્ટર સઇદ અબેદાની,યુ.એસ.ના નાગરિક છે અને તેઓ તેમની ઇરાનની ૯મી કૌટુંબિક મુલાકાત માટે આવ્યા હતા.અને ત્યાં તેઓ અનાથ બાળકો માટે એક મકાનનું બાંધકામ કરી રહ્યા હતા.તે વખતે ઇરાનીય સરકાર દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી અને તેમનો આઠ વર્ષની સજા ફરમાવવામાં આવી હતી.આ સજા પાછળનો આક્ષેપ એવો હતો કે તેઓ હાઉસ ચર્ચો બનાવી રહ્યા છે અને લોકો મધ્યે ખ્રિસ્તી વિશ્વાસને મજબુત કરી રહ્યા છે.ઇરાનીય કોર્ટ

અનુ. પાન નં. ૨ ઉપર

# બિશપ અન્બા ઉપર મીન્યામાં થયેલ ઘાતકી હુમલામાં આબાદ બચાવ



બિશપ અન્બા મકારીઓસ, મીન્યા ઉપર ઘાતકી હુમલો કરવામાં આવ્યો હતો પરંતુ તેઓ બચી જવા પામ્યા હતા.બિશપ તેમની કારમાં જઇ રહ્યા હતા ત્યારે તેમની પર કેટલાંક અજાણ્યા લોકોએ હુમલો કર્યો હતો. તેમની કાર પર ગોળીબાર કરવામાં આવ્યો હતો.બિશપના ડ્રાઇવરની સમયચુકતાને કારણે તેઓ બચી ગયા હતા.તેઓ એક સ્થાનિક કોપ્ટીક ક્રિશ્ચિયનના ઘરે પહોચીને આશ્રય લીધો હતો.તેમની પાછળ પડેલા ગુનેગારો આ કોપ્ટીકના ઘર પર ૯૦ મીનીટ સુધી ગોળીઓ વરસાવી હતી.જેના કારણે આ આશ્રયદાતાના ઘરને નુકશાન પહોચ્યું હતું.મીન્યા સીક્યુરીટીને ફોન કરવામાં આવ્યો હતો પરંતુ તેમને આ જગ્યા પર પહોચવા માટે ૯૦ મીનીટનો સમય લાગ્યો હતો.મીન્યા સીક્યુરીટીના જણાવ્યા પ્રમાણે સ્થાનિક મુસ્લીમ લોકોમાં એવી અફવા ફેલાઇ હતી કે બિશપ સ્થાનિક સેંટ માઇકલ ચર્ચને ફરીથી ખોલવા માટે આવ્યા છે.જે છેલ્લા દસ વર્ષથી સલામતીના કારણોસર બંધ હતું.

કોપ્ટીક એક્ટીવીસ્ટ માર્ક ઇબીડના જણાવ્યાનુંસાર સ્થાનિક મુસ્લીમો ચર્ચ અને પોલીસની હાજરીથી મુશ્કેલી અનુભવે છે. ચર્ચ અને ખ્રિસ્તીઓની સલામતી માટે પોલીસ હાજર રહે તો તેમની પ્રવૃત્તિઓ પર અંકુશ લાગી જાય છે.તેથી ખ્રિસ્તીઓ ચર્ચમાં પ્રાર્થના કરવા એકત્રીત પણ થતા નથી.કોપ્ટીક રાઇટ્સ ગ્રુપ મેસપીરો યુથ યુનીયને એક યાદી જાહેર કરી હતી તેમાં સરકારી સુત્રોને ચેતવણી આપવામાં આવી હતી કે મુસ્લીમ બ્રધરહુડના નેજા હેઠળ ગેરીલા વોરફેર ચાલી રહી છે.જે ખ્રિસ્તીઓ વિરુધ્ધ કાર્ય કરી રહ્યા છે.મીન્યા સીક્યુરીટી સર્વીસ જે મોડા આવવાની બેદરકારી દાખવી છે તે બાબતે તપાસ કરવી જરુરી છે.અન્ય કેટલાક ગામોમાં જેવા કે ઝકરીયામાં ખ્રિસ્તીઓના ઘરો સળગાવાઇ રહ્યા છે ત્યારે ત્યાં આ સીક્યુરીટી સમયસર પહોચતી નથી.તેમણે પ્રેસિડેન્ટ અને વડા પ્રધાન ને પધ્ધતિસર ચાલી રહેલ ખ્રિસ્તીઓ વિરુધ્ધની હિંસાને રોકવા તાત્કાલિક અને સખ્ત હુકમો કરવા જરુરી છે.

સ્થાનિક મસ્જીદો દ્વારા અફવાઓ ફેલાવીને ખ્રિસ્તીઓ વિરુધ્ધ હિંસા,લુટ ,મિલ્કતો બાળવી વિગરે ચાલી રહ્યા છે.જેથી કાયદો અને વ્યવસ્થા એકદમ કથળી ગયા છે.જેથી કોપ્ટીકોના તમામ નાગરિકી અધિકારો ઝુંટવાઇ ગયા છે.મોરસીની ધરપકડ બાદ આ વિસ્તારના ૨૦ ચર્ચો લુંટી લેવામાં આવ્યા છે અને તેને નુકશાન પહોચાડાયું છે.મુસ્લીમ બ્રધરહુડે ઇજીપ્ત,અને વિદેશમાં તેમાં ખાસ કરીને યુ.કે.ના ખ્રિસ્તીનેતાઓએ ધમકી આપી છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

*નીલા સી.ગામડીયા*

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨

**શાલેમ મેરેજ બ્યુરો**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-

**શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.